# ઉમરા તેમજ અડાજણ વિસ્તારમાં વાહન ચોરીનો તરખાટ મચાવનાર ટોળકીને ઝડપી પાડી વાહન ચોરીના કુલ-૧૬ ગુનાનો ભેદ ઉકેલી નાંખતી ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા માટે ક્રાઇમ બ્રાંચના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો. વિનોદભાઇ અખાભાઇ તથા અ.હે.કો. હરીસીંહ વીરસીંગભાઇ નાઓને મળેલ બાતમી આધારે રાંદેર જીલાની બ્રીજ નીચેથી આરોપીઓ (૧) સંદિપ તે ખજાનચી શીચરણ જાતે શાહનો દિકરો ઉ.વ. ૩૦ રહે, એ/૧૦૩, ગુ.હા.બોર્ડ રાહુલ રાજ મોલની સામે ડુમસ રોડ, સુરત. મુળ રહે, યુ.પી.(૨) હિતેશ ઓખાભાઇ રાજપુત ઉ.વ. ૨૦ રહે, ૧૦૩, ખોડીયાર કોમ્પલેક્ષ કુબેરનગર-૨, સાંઇબાબા મંદિર પાસે, કતારગામ, સુરત. મુળ વતન ચાંદરવાગામ, તા.વાવ. જી.બનાસકાંઠા (૩) ભરત ઉર્ફે બી.જે.તે જેઘાભાઇ રૂપાભાઇ ગોહિલ જાતે રાજપુત ઉ.વ.૨૬ રહે. હાલ-૧૦૨, ધારનાથ એપાર્ટમેન્ટ, ભાણેજ જમાભાઇના ઘરે, કતારગામ, સુરત મુળ રહે, ગામ, ખીમણાપાદર તા.વાવ. જી.બનાસકાંઠા નાઓને ચોરીની બે એકટીવા તથા બજાજ પલ્સર-૨૨૦ મો.સા.એપલ મોબાઇલ ફોન મળી કુલ્લે-૧૬૫૦૦૦/- ની મત્તા સાથે ઝડપી પાડેલ.

મજકુર ત્રણેય આરોપીઓનો પુછપરછમાં પર્દાફાશ થયેલ કે, પકડાયેલ આરોપીઓ પૈકી સંદીપ શાહને ભરત ગોહિલ સાથે છેલ્લા ચૌદ વર્ષથી મિત્રતા છે. આ સંદિપ શાહનો એક મિત્ર સુનિલ વાંસકોડા જે અડાજણ ગુજરાત ગેસ કંપની નજીક ફુટપાથ ઉપર રહે છે. તેની સાથે સને એપ્રિલ-૨૦૧૯ ની સાલમાં ઉમરા વિસ્તારમાંથી એક એકટીવાની ચોરી કરેલ હતી. જે એકટીવા તેઓએ ભરત ગોહિલને વેચાણ આપેલ હતી. આ ભરત ગોહિલ મારફતે તેના વતન બનાસકાંઠાનો વતની અને સુરત કતારગામ ખોડીયાર નગરમાં રહેતા હિતેશ રાજપુત સાથે સંદિપ શાહનો પરિચય થતા સંદિપ શાહએ ભરત ગોહિલ અને હિતેશ રાજપુતને ચોરીના વાહનો બનાસકાંઠા તરફ વેચી દેવાનો પ્લાન સમજાવી સંદીપ શાહે તેના સાગરીત સુનિલ વાંસકોડા સાથે ઉમરા અને અડાજણ વિસ્તારમાં વાહન ચોરીનો તરખાટ મચાવી દીધેલ હતો.

સંદિપ શાહ અને સુનિલ વાંસકોડાએ ચોરી કરેલ વાહનો પૈકી કુલ-૪ વાહનો હિતેશ રાજપુતને આપેલ અને એક એકટીવા ભરત ગોહિલને તેમજ ચોરીના બીજા-૮ વાહનો પોતાના ગુજરાત હાઉસીંગ બોર્ડની પાછળની ખુલ્લી જગ્યામાં પાર્ક કરી મુકી રાખેલ હતા. હીતેશ રાજપુતે સંદિપ શાહ પાસેથી ખરીદેલ કુલ-૪ વાહનો પૈકી ત્રણ વાહનો બનાસકાંઠા તરફ વેચાણ કરવા સારૂ કતારગામ વિસ્તારમાં પાર્ક કરી મુકી રાખેલ અને એક એકટીવા પોતે હંકારતો હતો જે કુલ-૧૧ વાહનો તેમજ આરોપીના કબ્જામાંથી મળી આવેલ કુલ-૩ વાહનો મળી કુલ-૧૪ વાહનો કુલ્લે રૂ.૫૩૩૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરેલ છે.
અડાજણ વિસ્તારમાંથી ચોરી કરેલ એક બુલેટ મો.સા. તથા ઉમરા વિસ્તારમાંથી ચોરી કરેલ એક બજાજ એવેન્જર મો.સા. આરોપીઓએ બનાસકાંઠા વિસ્તારમાં વેચેલ હોવાની કબુલાત કરેલ છે. જે આધારે નીચે મુજબના ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૨૩૨/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ | ૯ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૦૧૭૭/૨૦૨૦<br>ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબ |
| ૨ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૧૪૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ | ૧૦ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૦૧૯૮/૨૦૨૦<br>ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ |
| ૩ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૧૯૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ | ૧૧ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૧૪૪/૨૦૧૯<br>ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ |
| ૪ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૨૪૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ | ૧૨ | અડાજણ ફસ્ટ ગુ.ર.નં. ૧૬૨/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ |
| ૫ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૨૫૮/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ | ૧૩ | અડાજણ ફસ્ટ ગુ.ર.નં. ૧૨૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ |
| ૬ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૨૦૯/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ | ૧૪ | અડાજણ ફસ્ટ ગુ.ર.નં. ૧૪૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ |
| ૭ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૩૬૦/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ | ૧૫ | અડાજણ ફસ્ટ ગુ.ર.નં. ૧૪૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ |
| ૮ | ઉમરા ફસ્ટ ગુ.ર.નં. ૨૩૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ | ૧૬ | અડાજણ ફસ્ટ ગુ.ર.નં. ૧૫૮/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ |

પકડાયેલ આરોપીઓનો પુર્વ ઇતિહાસ-

(૧) સંદિપ S/O ખજાનચી શાહ (I) ઉમરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૨૪૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(II) ઉમરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૩૬૦/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના કામે પકડાય ચુકેલ છે.

(૨) હિતેશભાઇ ઓખાભાઇ રાજપુત (I) અડાજણ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૨૯૯/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ. (I) ઉમરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૫૪/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબના કામે પકડાય ચુકેલ છે.

(I) ઉમરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૨૧૯/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના કામે વોન્ટેડ છે.

(૨) ભરત જેઘા ગોહિલ નીચે મુજબના ગુનાઓમાં વોન્ટેડ છે.

(I) ઉમરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૨૧૯/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (I) ઉમરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૫૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.